ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

સંખેડામાં નોટોના ૩.૧.૦૧ લાખના હારથી ગણપતિ બાપાનો શણગાર

સંખેડા : સંખેડા શહેરમાં ગણેશ ઉત્સવની ઉજવણી ભારે ઉત્સાહ સાથે કરવામાં આવી રહી છે, ત્યારે શિવ યુવક મંડળ દ્વારા આયોજિત ગણપતિ મહોત્સવ સમગ્ર પંથકમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મંડળ દ્વારા ભગવાન શ્રી ગણેશજીને 100 અને 200 રૂપિયાની નોટોથી બનેલો કુલ રૂપિયા 1,01,000 નો ભવ્ય ફૂલહાર અર્પણ કરવામાં આવ્યો હતો. ચલણી નોટોથી શણગારેલ ગણપતિ બાપાની મૂર્તિના દર્શન માટે લોકોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું. આ સાથે મંડળ દ્વારા ભગવાનને 56 ભોગ (છપ્પન ભોગ) પણ ધરાવવામાં આવ્યા હતા. ભવ્ય શણગાર અને અલૌકિક દર્શનનો લાભ લેવા માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી.

બોડેલીના કુંભારવાડામાં ગણપતિ યુવક મંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરમાં ગણેશ ઉત્સવને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નગરમાં વિવિધ વિસ્તારોમાં શ્રીજીની સ્થાપના કરી ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે બોડેલીના કુંભારવાડા વિસ્તારમાં યુવક મંડળ દ્વારા ગણેશ ઉત્સવ નિમિત્તે અનોખી સામાજિક પહેલ કરવામાં આવી હતી.કુંભારવાડા ખાતે ગણપતિજીની સ્થાપના કરવામાં આવી છે ત્યાંજ યુવક મંડળ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને રક્તની જરૂરિયાત સમયે કોઈ વ્યક્તિનો જીવ બચાવી શકાય તેવા સેવાભાવી હેતુથી આ રક્તદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં કુંભારવાડા વિસ્તાર સહિત આસપાસના મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા અને ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. ગણેશ ઉત્સવની ઉજવણીને માત્ર ધાર્મિક કાર્યક્રમો પૂરતી મર્યાદિત ન રાખી તેને સામાજિક સેવા સાથે જોડવાના યુવક મંડળના પ્રયાસને લોકો દ્વારા આવકારવામાં આવ્યો હતો.

બોડેલીની ખત્રી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ માટે 'First Responder' મેડિકલ તાલીમ આપવામાં આવી

બોડેલી : ખત્રી વિદ્યાલય ઉચ્ચતર માધ્યમિક શાળા, બોડેલી ખાતે વિદ્યાર્થીઓને કટોકટીની પરિસ્થિતિમાં તાત્કાલિક અને યોગ્ય પ્રાથમિક મદદ કેવી રીતે આપવી તે અંગે માર્ગદર્શન આપવા માટે 'First Responder' તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ તાલીમ કાર્યક્રમમાં સરકારી હોસ્પિટલ, બોડેલીના અધિક્ષક ડો .મહંમદ હુસૈન ખત્રી ના માર્ગદર્શન હેઠળ ડો. ગોવિંદભાઈ, હોસ્પિટલ સ્ટાફ દીપકભાઈ તથા પ્રદીપભાઈ એ વિદ્યાર્થીઓને 108 એમ્બ્યુલન્સ અથવા તબીબી સહાય પહોંચે તે પહેલાં કટોકટીની પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું તે અંગે વ્યવહારુ તથા મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું. તાલીમ દરમિયાન આગથી દાઝી જવાની ઘટના બને ત્યારે તાત્કાલિક કઈ પ્રાથમિક કાર્યવાહી કરવી કઈ સાવચેતી રાખવી વગેરે બાબતો સમજાવવામાં આવી હતી.

ટીમ્બરવા શાળામાં ૪૩ વિદ્યાર્થીઓને હેલ્મેટ સહિત સાઇકલનું વિતરણ

શિનોર : શિનોર.અમિત સોની શિનોર તાલુકાના ટીમ્બરવા ગામે આવેલ શ્રી શારદા મંદિર સેકન્ડરી સ્કૂલ ખાતે સાઇકલ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપનીના સહયોગથી ધોરણ 8 અને 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હેલ્મેટ સહિત આશરે 43 સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ, વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ ડો. બી.જે. બ્રહ્મભટ્ટ, વડોદરા જિલ્લા ભાજપ પ્રભારી ઋત્વિજભાઈ પટેલ સહિત જિલ્લા અને તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શિનોર તાલુકાના ટીમ્બરવા ગામે આવેલ શ્રી શારદા મંદિર સેકન્ડરી સ્કૂલ ખાતે કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપનીના મેનેજર ચિરાયુ પટેલના સહયોગથી સાઇકલ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડભોઈના કરમાલ ગામે ૩.૭૦ લાખના ખર્ચે બનેલી પ્રાથમિક શાળાનું લોકાર્પણ

ડભોઈ : ડભોઇ તાલુકાના કરમાલ ગામ ખાતે કુલ રૂ.7૦ લાખના ખર્ચે નિર્માણ પામેલી નવી " કરમાલ પ્રાથમિક શાળા " નું લોકાર્પણ ડભોઇ મત વિસ્તારના ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવી શાળા ભવનના નિર્માણ થી ગામના વિદ્યાર્થીઓને આધુનિક સુવિધાઓ સાથે વધુ સારો,સલામત અને સુવિધાયુક્ત શૈક્ષણિક માહોલ ઉપલબ્ધ બનશે. લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, જિલ્લા શાસક પક્ષના નેતા રાકેશભાઈ ઠાકોર, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ભાવેશભાઈ પટેલ (નળા), તાલુકા પંચાયતના સભ્યો, સહિત સંગઠનના હોદ્દેદારો, અધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા. નવી શાળા શરૂ થતાં કરમાલ ગામના બાળકોને અભ્યાસ માટે વધુ સુવિધાઓ મળવાની સાથે શિક્ષણ ને પ્રોત્સાહન મળવા ની આશા પણ સેવાઈ રહી છે.

સાઠોડ ગામના તળાવમાંથી મળેલી લાશનો ભેદ ઉકેલાયો

પત્ની સાથે આડા સંબંધની શંકાએ દારૂ પીવડાવી હત્યા કરી

ડોગ સ્કવોડે મૃતકના ભાઈ સુધી પહોંચાડી પોલીસને હત્યાનો ભેદ ઉકેલવામાં મદદ કરી;

સાઠોડના તળાવમાંથી હાથ-પગ દોરીથી બાંધેલી લાશ મળી હતી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.24

ડભોઈ તાલુકાના સાઠોડ ગામ ના તળાવ માંથી ગામની નવીનગરી માં રહેતા આદિવાસી યુવક ની દોરી થી હાથપગ બાંધેલી હાલત માં પાણી પર તળતી લાશ મળી આવી હતી. જો કે લાશ જોતા તેની હત્યા થઈ હોવાની શંકા ઉપજી હોય પોલીસે ડોગ સ્કવોડ નો સહારો લેતા ડોગ મૃતક ના ઘર પાસે જઈ તેના હત્યારા ભાઈ પરજ ત્રાડક્યું હતું. જેથી પોલીસે પૂછપરછ કરતા પત્ની સાથે આડા સબંધ ની શંકાએ હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. જેથી હત્યાનો ભેદ ઉકેલાઇ ગયો હતો.

ડભોઈ ના સાઠોડ ગામ ની નવીનગરી માં રહેતો ગુરૂશરન ઉર્ફે ભીમો કોયજીભાઈ તડવી નામનો યુવક પાછલા ત્રણ દિવસ થી શંકાસ્પદ હાલત માં ગુમ થઈ ગયો હતો. જેની શોધખોળ ચાલી રહી હતી. તેવામાં ગતરોજ ગામ ના તળાવ માં પાણી પર તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો.જેથી પોલીસે મૃતદેહ ને તરવૈયા ની મદદ થી તળાવ કિનારે લાવી સ્થળ પંચક્યાસ કર્યું હતું.જેમાં મૃતદેહ ને નજરે જોનારા ગામ લોકો ના જણાવ્યા મુજબ તેના હાથ પગ દોરી થી બાંધેલ હોવાનું કહેવાય રહ્યું છે. તેમજ તેના ગળે ટૂંપો અને શરીરે માર માર્યાના તેમજ તેના માથામાં પણ ઘા હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું હતું.

કેટલાક પ્રશ્નો સાથે પોલીસે શંકાસ્પદ મૃતદેહ ને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. જ્યારે શંકાસ્પદ મૃતદેહ મળી આવેલ હોય હત્યા ની શક્યતા ને આધારે જિલ્લા પોલીસ ની એજન્સીઓ પણ કામે લાગેલ હતી.પરંતુ હ્યુમન સોર્સ, ટેકનિકલ સોર્સ કામ ના લાગતા જિલ્લા પોલીસે ડોગ સ્કવોડ ની મદદ લીધી હતી.ડોગ હેન્ડલર ASI હરેશભાઈ મોહનીયા એ લાશ પડેલ જગ્યાએ થી માંદા ડોગ જાવા ને સ્મેલ આપતા જ તળાવ કિનારે થી નવીનગરી માં મૃતક ના ઘેર પહોંચી હતી. અને ત્યાં ઊભેલા મૃતક ના ભાઈ મહેશ કોયજીભાઈ તડવી ને જોઈ ડોગ જાવા ભસવા લાગી હતી. જેથી હત્યારા કોઈ અજાણ્યો વ્યક્તિ નહીં પરંતુ પરિચિત અને પરિવાર નોજ વ્યક્તિ હોવાનો સંકેત આપ્યો હતો.

જેથી પોલીસે મૃતક ના ભાઈ મહેશ કોયજીભાઈ તડવી ને ઉઠાવી પૂછપરછ કરતા મૃતક એ પોતાની ભાભી સાથે આડો સબંધ રાખતો હોવાની શંકા ને લઈ દારૂ પીવડાવી તળાવ કિનારે લઈ જઈ હત્યા કરી લાશ ને તળાવ ના પાણીમાં ફંગોળી દીધી હતી.જેથી આરોપી ની કબૂલાત આધારે હત્યાના ગુન્હા માં ધરપકડ કરી કસ્ટડી ભેગો કરાયો હતો.

હત્યાના બનાવમાં ડોગ સ્કવોડની મહત્વની ભૂમિકા

ડભોઇ ના સાઠોડ ગામે દોરીથી બાંધેલ હાથ પગ સાથે નો મૃતદેહ ગામ તળાવ માંથી મળી આવ્યો હતો. પોલીસે હ્યુમન સોર્સ, મોબાઈલ લોકેશન, ટેકનિકલ સોર્સ તપાસી જોયા હતા. જે બાદ માં બનાવ ના બીજે દિવસે ડોગ સ્કવોડ ની એન્ટ્રી થઈ હતી.ડોગ સ્કવોડે તપાસ માં લાશ મળેલ જગ્યાએ થી દોટ મૂકી નવીનગરી માં પહોંચી મૃતક ના સગા ભાઈ મહેશ કોયજીભાઈ તડવી ને જોઈ મોટે મોટે થી ભસવા લાગી હતી. જરૂરી સંકેત આપી દેતા પોલીસે મહેશ તડવી ને ઉઠાવી પૂછતાછ કરતા જ હત્યાનો ભેદ ઉકેલાઇ ગયો હતો.

દારૂ પીવડાવી મારામારી ગળે ટૂંપો અપાયો

સાઠોડ ગામના તળાવ માંથી હત્યા કરાયેલ મૃતદેહ ને માથામાં અને શરીરે માર મારેલ હોવાના ચિન્હો મળી આવેલ છે. તેમજ મૃતક ની જીભ અને આંખો બહાર આવી ગયેલ હોય તેમજ ખભાનું હાડકું પણ ઉપસી આવેલ હોય નિર્દયતા પૂર્વક ગળે ટૂંપો આપી હત્યા કરાઈ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

જોબકાર્ડ, મસ્ટર રોલ અને ચૂકવાયેલી રકમની ચકાસણી કરવા રજૂઆત

સાવલી તાલુકાના રાણીપુરામાં મનરેગામાં ગેરરીતિના આક્ષેપ

(પ્રતિનિધિ) સાવલી, તા.24

સાવલી તાલુકાના રાણીપુરા ગામમાં મનરેગા હેઠળ થયેલા કામોમાં ગેરરીતિના આક્ષેપો સાથે ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી તપાસ અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆતમાં કેટલાક કામો સરકારી રેકર્ડમાં પૂર્ણ દર્શાવાયા હોવા છતાં સ્થળ પર કામ થયું ન હોવાનું જણાતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ગ્રામજનોએ મનરેગાના મસ્ટર રોલ, માપપત્રક, કામના ફોટોગ્રાફ સહિતના રેકર્ડની તપાસ કરવા તેમજ કેટલા મજૂરો દર્શાવાયા, કેટલી રકમ ચૂકવાઈ અને સ્થળ પર કેટલું કામ થયું તેની ચકાસણી કરવા માંગ કરી છે.

આ ઉપરાંત કેટલાક લાભાર્થીઓએ દાવો કર્યો હતો કે તેમના નામે જોબકાર્ડ બનાવાયું નથી, છતાં મનરેગા હેઠળ કામ કર્યાનું રેકર્ડમાં દર્શાવાયું છે. કેટલાક જોબકાર્ડમાં લાભાર્થીના ફોટાના બદલે અન્ય વ્યક્તિના ફોટા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. કામ કર્યા વિના તેમના નામે નાણાં ચૂકવાયા હોવાની તપાસની માંગ કરાઈ છે.

સમસ્યા નહીં ઉકેલાય તો પાલિકા કચેરીએ મોરચો માંડવાની ચેતવણી

વન ડે વન રોડ વચ્ચે કારેલીબાગમાં ગટરના પાણી ઉભરાતા જનઆક્રોશ

આનંદ આર્કેડ મુક્તાનંદ ત્રણ રસ્તા નજીક ગટરના પાણી રોડ પર ફરી વળ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

એક તરફ વડોદરા મહાનગરપાલિકા શહેરને ચમકાવવા અને સ્માર્ટ સિટી બનાવવાના દાવા સાથે 'વન ડે વન રોડ' શો જેવા કાર્યક્રમો યોજી રહી છે, તો બીજી તરફ શહેરના વિવિધ વિસ્તારોમાં ગટર ઉભરાવાની અને ગંદકીની ભારે ભરમાળ જોવા મળી રહી છે. પાલિકાના આ શો માત્ર ફોટો સેશન કરવા અને પ્રજાના ટેક્સના નાણાંનો દુરુપયોગ કરવા પૂરતા સીમિત હોવાનો આક્ષેપ સ્થાનિક રહીશો કરી રહ્યા છે.

શહેરના અનેક ભાગોમાં શાળાએ જતા ભૂલકાંઓને ઉભરાતી ગટરના ગંદા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે, તો ક્યાંક વુડાના મકાનોમાં અસહ્ય ગંદકીના દ્રશ્યો છે. એટલું જ નહીં, ખુદ સરકારી જગ્યાઓમાં જ ભંગાર અને કચરાના મોટા ઢગલા ખડકાયેલા નજરે પડે છે. શહેરના પોશ ગણાતા કારેલીબાગ વિસ્તારમાં પણ પાલિકાની ઘોર નિષ્ફળતા છતી થવા પામી છે. કારેલીબાગ સ્થિત આનંદ આર્કેડ આમ્રપાલી કોમ્પલેક્ષની સામે, તેમજ મુક્તાનંદ ત્રણ રસ્તાથી પાણીની ટાંકી તરફ જતા ડાબી બાજુના માર્ગ પર છેલ્લા કેટલાય દિવસોથી ગટરના પાણી રોડ પર ફરી વળ્યા છે.

બહાદરપુરના ૧૨૦ વિદ્યાર્થીઓ બસ સેવાના અભાવે પરેશાન

શાળાના સમય મુજબ બસનું સમયપત્રક ગોઠવવા રજૂઆત

(પ્રતિનિધિ) સંખેડા, તા. 24

બહાદરપુર ખાતે શ્રી સાર્વજનિક સંસ્કાર મંડળ સંચાલિત શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલમાં આસપાસના ગામોમાંથી આશરે 120 વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. જોકે, નિયમિત એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને સમયસર શાળાએ પહોંચવા તેમજ અભ્યાસ બાદ ઘરે પરત ફરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ સમસ્યાને લઈને શાળા તંત્ર અને વાલીઓ દ્વારા અગાઉ એસ.ટી. વિભાગ તથા સ્થાનિક ધારાસભ્યને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્ય દ્વારા પણ હકારાત્મક વલણ દાખવી આગળ રજૂઆત કરવામાં આવી હોવાનું વાલીઓએ જણાવ્યું છે.

વાલીઓએ માલુ-બહાદરપુર અને સીમલિયા-બહાદરપુર રૂટ પર નિયમિત એસ.ટી. બસ શરૂ કરવાની માંગ કરી છે. ઉપરાંત, બસનું સમયપત્રક શાળાના સમયને અનુરૂપ ગોઠવવા તથા વિદ્યાર્થીઓને સુરક્ષિત પરિવહન ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરવામાં આવી છે.

વાલીઓએ જણાવ્યું કે, આ માંગ કોઈ વ્યક્તિ કે અધિકારી વિરુદ્ધ નહીં પરંતુ બાળકોના શિક્ષણ અને સુરક્ષા સાથે જોડાયેલી છે. સરકાર અને એસ.ટી. વિભાગ તાત્કાલિક ઉકેલ લાવે તેવી માંગ સાથે વાલીઓએ જણાવ્યું, "બસ આપો, શિક્ષણ બચાવો."

છોટાઉદેપુરમાં પ્રથમ વખત PNG ગેસ લાઈનનો પ્રારંભ

નવેમ્બર સુધીમાં 5,300 ઘરોને પાઇપ્ડ ગેસ કનેક્શન અપાશે

(પ્રતિનિધિ) બોડેલી, તા. 24

છોટાઉદેપુર જિલ્લામાં પ્રથમ વખત પાઈપલાઈન મારફતે રાંધણ ગેસ (PNG) પહોંચાડવાના પ્રોજેક્ટનું ભૂમિપૂજન કલેક્ટર ગાર્ગી જૈનના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વડોદરા ગેસ લિમિટેડ (VGL) દ્વારા COCO CNG સ્ટેશન અને DCU સેટઅપનું પણ ભૂમિપૂજન કરાયું હતું.

કલેક્ટર ગાર્ગી જૈને જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં આગામી નવેમ્બર સુધીમાં છોટાઉદેપુર નગર વિસ્તારમાં ઘરોને PNG કનેક્શન સાથે જોડવામાં આવશે. પાઇપ્ડ ગેસની સુવિધાથી મહિલાઓ અને ગૃહિણીઓને LPG સિલિન્ડર ખાલી થવા તેમજ બદલવાની મુશ્કેલીમાંથી રાહત મળશે અને સમયની પણ બચત થશે.

VGLના મેનેજિંગ ડિરેક્ટર વિનય વાસ્તવે જણાવ્યું કે, છોટાઉદેપુર શહેરના આશરે 5,300 ઘરોમાં પાઇપલાઇન મારફતે PNG પહોંચાડવામાં આવશે. સમગ્ર પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. વાહનચાલકોની સુવિધા માટે COCO CNG સ્ટેશન પણ વિકસાવવામાં આવી રહ્યું છે. કાર્યક્રમમાં પૂર્વ રેલવે રાજ્યમંત્રી નારણભાઈ રાઠવા, નગરપાલિકા ચીફ ઓફિસર, VGLના અધિકારીઓ-કર્મચારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

SDPayના નામે ૩.૧,૨૦૦ કરોડથી વધુની ઠગાઈ કરનાર આરોપીની ધરપકડ

રોકાણ પર વધુ વળતર, કેશબેક અને રેફરલ બોનસની લાલચ આપી નેટવર્ક ચલાવાતું હતું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

રોકાણ કરો વધુ વળતર મેળવો કેશબેક અને રેફરલ બોનસ પણ મળશે આવી લાલચ આપતી SDPay એપ્લિકેશન હવે દેશવ્યાપી સાયબર ઠગાઈનું મોટું નેટવર્ક હોવાની વિગતો સામે આવી છે. પોલીસ તપાસ મુજબ, 15 લાખથી વધુ લોકોને નિશાન બનાવી રૂ.1,200 કરોડથી વધુની ઠગાઈ થઈ હોવાનો અંદાજ છે. વડોદરામાં ભોગ બનનાર પાસેથી રૂ.5.52 લાખ પડાવી એપમાં રૂ.7.43 લાખનું બેલેન્સ દર્શાવ્યા બાદ વિથડ્રો ન કરવા દેવાતા ફરિયાદ નોંધાઈ હતી. અમરેલી પોલીસની તપાસથી મળેલી કડીના આધારે વડોદરા સાયબર ક્રાઇમે સેકન્ડ લેયરમાં નાણાંના સેટલમેન્ટ અને પે-આઉટનું કામ સંભાળતા આરોપી નારાયણ અશોક કાંગણેની ધરપકડ કરી છે.

વડોદરા શહેરમાં SDPay એપ્લિકેશન મારફતે રોકાણના પ્રમાણમાં વળતર, કેશબેક, રેમિટન્સ અને રેફરલ બોનસ આપવાની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી કરાતી હોવાનો મામલો સામે આવ્યો છે. આ અંગે વડોદરા શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદી પાસેથી અલગ-અલગ તબક્કે રૂ.5.52 લાખ એપ્લિકેશનમાં જમા કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ કેશબેક સહિત એપ્લિકેશનમાં રૂ.7.43 લાખનું બેલેન્સ દર્શાવાયું હતું.

મંજુસર પોલીસની માર્ગ સલામતી જાગૃતિ બાઈક રેલી યોજાઈ

હેલ્મેટ, સીટબેલ્ટ અને નિયત ગતિનું પાલન કરવા વાહનચાલકોને સમજ અપાઈ

(પ્રતિનિધિ) સાવલી, તા.24

માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા અને વાહનચાલકોમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ વધારવાના હેતુથી સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથક દ્વારા માર્ગ સલામતી જાગૃતિ બાઈક રેલી-2026 યોજવામાં આવી હતી. મંજુસર પોલીસ મથકેથી નીકળેલી બાઈક રેલી મંજુસર તથા આસપાસના વિવિધ વિસ્તારોમાં ફરી હતી.

રેલી દરમિયાન પોલીસ જવાનો દ્વારા વાહનચાલકો અને રાહદારીઓને માર્ગ સલામતી, ટ્રાફિક નિયમો તથા નિયંત્રિત ગતિ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. નાગરિકોને હેલ્મેટ પહેરવા, સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા, નિયત ગતિમર્યાદામાં વાહન ચલાવવા તેમજ ટ્રાફિક સિગ્નલ સહિતના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, અતિશય ઝડપ, હેલ્મેટ કે સીટબેલ્ટનો ઉપયોગ ન કરવો અને ટ્રાફિક નિયમોની અવગણના અકસ્માતની ગંભીરતા વધારી શકે છે. ખાસ કરીને બાઈકચાલકો હેલ્મેટનો ઉપયોગ કરે તે અંગે સમજ આપવામાં આવી હતી.

રેલીના માધ્યમથી સ્થાનિક નાગરિકોમાં માર્ગ સલામતીનો સંદેશ પહોંચ્યો હતો. પોલીસની આ પહેલને નાગરિકોએ આવકારી હતી અને અકસ્માતો અટકાવવા આવી જનજાગૃતિ પ્રવૃત્તિઓ નિયમિત યોજાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.

બોડેલી તાલુકાનું કડાછલામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

ગ્રામજનોને સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓનો લાભ મળ્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 24

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના કડાછલા ખાતે રાજ્ય સરકારના સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત બીજા તબક્કાનો કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા પંચાયત પ્રમુખ હેમલતાબેનના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં મામલતદાર અંજનાબેન મોટવાલ સહિત તાલુકા કક્ષાના અધિકારીઓ, પદાધિકારીઓ, સરપંચો, તલાટીઓ તથા વિવિધ વિભાગોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં કડાછલા સહિત આસપાસના ગામોના મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો. વિવિધ સરકારી વિભાગો દ્વારા સ્ટોલ અને સેવા કેન્દ્રો ઉભા કરી લોકકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિવિધ અરજીઓ, પ્રમાણપત્રો અને સરકારી સેવાઓને લગતી જરૂરી કામગીરી સ્થળ પર જ કરવામાં આવી હતી.

આ વ્યવસ્થાથી ગ્રામજનોએ તાલુકા મથક કે સરકારી કચેરીઓના ધક્કા ખાવા ન પડે અને ગામ નજીક જ સેવાઓનો લાભ મળી રહે તેવો હેતુ સાકાર થયો હતો. અધિકારીઓએ ગ્રામજનોના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સેવા સેતુ કાર્યક્રમને ગ્રામજનો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો.

પુનિયાદમાં ૬૮ અને ટીમ્બરવામાં ૪૨ વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ

(પ્રતિનિધિ) શિનોર, તા. 24

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના પુનિયાદ ગામે આવેલી શરદ પટેલ વિદ્યાલય હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે સાયકલ અને હેલ્મેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કેનેરા રોબેકો કંપનીના સહયોગથી ચિરાયુ પટેલ દ્વારા પુનિયાદ હાઈસ્કૂલના 68 વિદ્યાર્થીઓને સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે ટીમ્બરવા ગામે પણ 42 વિદ્યાર્થીઓને સાયકલો આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવામાં સરળતા રહે અને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે હેતુથી સાયકલોનું વિતરણ કરાયું હતું. કાર્યક્રમમાં વડોદરા જિલ્લા ભાજપ પ્રભારી ઋત્વિજભાઈ પટેલ, કરજણ-શિનોરના ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ સહિત જિલ્લા ભાજપ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.